


# ROSHNI

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. જેનમાં સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થતા આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયો સુધી વિસ્તર્યો છે

**July 2024 | Issue No. 56 | A monthly newsletter**

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન દ્વારા સમાવેશી સમુદાય માટે પ્રભાત દ્વારા થતી પ્રક્રિયાઓને અહી રજુ કરી છે. જેમાં બાળકો તથા સમુદાય સાથેના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકશો.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## ‘ ઉમ્મીદ ’ એ હોય છે જે વ્યક્તિની

## અંધારાથી ‘ પ્રભાત’ તરફ લઇ જવા આંગણી પકડે છે

મેરી હિંમત તૂટ ચુકી થી પર યહા (પ્રભાત સેન્ટર ) આકે જબ દુસરે બચ્ચેમે જો ભી બદલાવ આ રહે હૈ તો એક ઉમ્મીદ જગી. આ શબ્દો છે અશરફની મમ્મી અંજુમજી ના. બિલકુલ નિરાશ થઇ ગયેલ વ્યક્તિને જયારે અન્ય લોકો એ જ સ્થિતિની સામે કઈ રીતે સામનો કરી રહ્યા છે તે દેખાય અને તેમને અનુભવ થાય છે કે આ સફરમાં તેઓ એકલા નથી ત્યારે વાલી ને હિંમત આવી જ જાય છે. અને આ જ હિમ્મત બાળક માટે ચોક્કસ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગી સાબિત થાય છે.

આપણે વાત કરી રહ્યા છીએ પ્રભાત પર આવતા મોહમ્મદ અશરફના મમ્મીની. જયારે અશરફ તેમના ગર્ભમાં ચાર મહિનાનો હતો ત્યારે જ ડોકટરે તેમને કહ્યું હતું કે, ગર્ભમાં પાણી ભરાઈ ગયું છે. એટલે આપણે કદાચ સમય કરતા પહેલા સીઝીરીયન કરાવી બાળકનું જન્મ કરાવવું પડે. પણ માતાની લોહીની ઉણપ અને અન્ય કારણોસર અશરફનો જન્મ તેમને નવ મહીને જ થયો. જન્મ થતા જ પાણી પી ગયો હોવાથી તેની તબિયત બગડી અને તેને કાચની પેટીમાં રાખવું પડ્યું. અને તે હાઈડ્રોસેફાલસ સેરેબ્રલ પાલ્સીનો તે ભોગ બન્યો. પરંતુ બાળકનું નિદાન અને સારવાર માટે જે યોગ્ય સમયે સચોટ માર્ગદર્શન મળ્યું જોઈએ તે ન મળતા સમયસર તેની સારવાર પણ ન થઇ શકી. 18 મહિનાનો હોવા છતાં ન તો તે બેસી શકતો, પોતાની ગરદન તે ટકાવી શકતો. અને સાથે તેની સ્પીચમાં પણ મુશેકલી હતી અને તેની સમજ પણ અન્ય બાળક કરતા ધીમી વિકસિત થઇ રહી હતી.



આવી સ્થિતિમાં તેમની માતા કહે છે, અમે જયારે પણ હોસ્પિટલમાં ગયા હતા ત્યારે બધું નોર્મલ છે એવું કહેતા અમે અન્ય પ્રયાસો કર્યા જ નહિ. અને છેલ્લે એક રીપોર્ટમાં આવ્યું કે તેના મગજમાં પાણી છે. આમ, નિદાન માટે જે સમયસર માર્ગદર્શન મળવું જોઈએ તે ન મળ્યું. સાથે આ ક્ષેત્રમાં લોકો પાસે આજે પણ જે જાગૃતતા અને શિક્ષણ હોવું જોઈએ તે નથી દેખાઈ રહ્યું.

આરીતે અશરફની જે સારવાર થવી જોઈએ તે ન થઇ. પરંતુ MRI રીપોર્ટ બાદ, બાળકની સ્થિતિને તેઓએ એમ જ સ્વીકારી લીધી. પરંતુ પ્રભાત ના બાળકના એક વાલી સાથે એમનો સંપર્ક થતા તેમણે સેન્ટરની મુલાકાત લીધી.

પ્રભાત ટીમ દ્વારા માતા પિતા બંને સાથે પરામર્શ કરવામાં આવ્યું અને ત્યારબાદ, બાળકનું એસેસમેન્ટ કરીને તેની સાથેની ફીઝીયોથેરાપીસ્ટ દ્વારા થેરાપી શરુ કરી દેવાઈ. મનીષભાઈ (વટવા સેન્ટર - ફીઝીયોથેરાપીસ્ટ ) કહે છે, છેલ્લા ત્રણ મહિનાથી નિયમિત ફીઝીયોથેરાપી કરવામાં આવે છે જેમાં, તેના કમર અને ગરદનની માંસપેશીઓ ને મજબુત બનાવવા, બેલેન્સ માટે ફીઝીયો બોલ અને સાથે સેન્સરી માટે પણ વિવિધ કસરતો કરાવવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે હવે તેની ગરદનમાં સ્થિરતા આવી છે. તે ટેકા વગરે બેસી શકે છે. અને ટેકા દ્વારા ઉભા રહેવાની પણ કોશિશ કરી રહ્યો છે. અને સાથે તેના ચહેરાના હાવભાવમાં પણ બદલાવ આવ્યું છે.

આમ, અશરફ સાથે ના ટૂંકા ગાળામાં આવેલ બદલાવે માતા પિતાને નવી ઉમ્મીદ આપી છે. પોતાના બાળક માટે જે નિરાશા આવી ગઈ  તે ફરી આશા સાથે બાળક માટે પ્રયાસો કરી રહ્યા છે.

અહી, ચોક્કસ આપણે કહી શકીએ છીએ કે, આ ક્ષેત્રમાં સચોટ માર્ગદર્શન અને શિક્ષણ ખુબ જ જરૂરી છે.

તૈયાર કરનાર : મનીષભાઈ મીસ્ત્રી – ફીઝીયોથેરાપીસ્ટ , વટવા સેન્ટર

## કાર્યક્રમની ઝલક





**વિપ્રો ટીમ દ્વારા વિઝીટ** : સમાવેશી સમુદાયની પરિકલ્પનાને સાકાર કરવામાં આંગણવાડી અને શાળા જેવા પાયાના માળખાઓમાં બાળકોનું પ્રવેશ થાય અને તેમને સમાવેશી વાતાવરણ મળી રહે તે પ્રક્રિયા કરવામાં વિપ્રો પ્રભાતને આર્થિક ટેકો કરે છે. જેના ભાગરૂપે ફિલ્ડ સ્તરે થતા કાર્યને સમજવા અને અનુભવોને જાણવા માટે વિપ્રો ટીમથી શરણ્યા બહેન અને કુણાલ ભાઈ આવ્યા હતા. તેમણે ચાર માળીયા આંગણવાડી, એ.બી. વિદ્યાલયમાં આવેલ રિસોર્સ સેન્ટર (જ્યાં હોમ બેઝ ના બાળકો અને વાલી પણ આવેલ હતા. ) અને હાટકેશ્વર – ભાઈપુરા સેન્ટરની મુલાકાત કરી હતી. અહી તેમણે બાળકો સાથે કરવામાં આવતી અને વિવિધ થેરાપી અને શૈક્ષણિક પ્રવૃત્તિ પણ જોઈ હતી.

આ સાથે પ્રભાતના સરકારી સંસ્થાનો સાથેના સંકલનમાં રહેતા વિભાગના પ્રતિનિધિ જેમ કે, શ્રી કિરણભાઈ – સમાજ સુરક્ષા અધિકારી, શ્રી પ્રિયંકા ચૌહાણ - કોમ્પોસાઈટ રીઝનલ સેન્ટર-CRC પ્રતિનિધિ, શ્રી રમણભાઈ સોનારા–સુપરવાઈઝર (લાંભા અર્બન હેલ્થ સેન્ટર ), શ્રી સંગીતાબેન–અર્બન હેલ્થ સેન્ટર, શ્રી પ્રીતેશ શાહ - ડિસ્ટ્રિક્ટ સોશિયલ બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેટર અને શ્રી પ્રકાશ પટેલ – ભાઈપુરા મેડીકલ ઓફિસર, વિસ્તારના આંગણવાડી કાર્યકર, સાઈકોલોજીસ્ટ અને આંખના નિષ્ણાંત ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે કાર્યના અનુભવોની આપ- લે થઇ હતી. અંતે, પ્રભાત ઓફિસ પર ટીમ અને ટ્રસ્ટી શ્રી અશોક ચેટરજી અને શ્રી રેનુ શેઠ સાથે કાર્યક્રમ ના વર્તમાન અનુભવો અને ભવિષ્યના આયોજનને લઈને ચર્ચા થઇ હતી.



**પ્રભાતના મોવડી (ટ્રસ્ટીશ્રી ) દ્વારા કાર્યક્ષેત્રમાં મુલાકાત** :પ્રભાત માટે આ ઉત્સાહની સાથે ઉત્સુકતાનો અવસર હતો કારણ કે ટ્રસ્ટીશ્રીઓના નિરીક્ષણ અને અનુભવો ચોક્કસ પ્રભાતને ભવિષ્યમાં વધારે સારું કરવા માટે પ્રેરણા આપનાર બનવાના હતા. જેમાં બેરલ માર્કેટ – ડેહલુ , કાંકરિયા શાળા નં.- ૪, ચાર માળિયા આંગણવાડી અને હોમબેઝ ની મુલાકાત કરવામાં આવી હતી. વિવિધ હિતધારકો, ટીમ સાથે થતા સંવાદની પ્રક્રિયાનો આ અનુભવ ખુબ જ સારો રહ્યો. પ્રભાત ટીમ માટે આ દિશા આપનાર અને ઉર્જાવંત પ્રક્રિયા રહી હતી.

**મુખ્યધારામાં પ્રવેશ** : સેન્ટર પર બાળકોને મુખ્ય ધારાની શાળામાં પ્રવેશ કરાવવું મહત્વનું કાર્ય છે. આ દિશામાં પરિવારની સાથે શાળા સાથે પણ લાંબી પ્રકિયા બાદ, આ તબક્કો આવે છે . જયારે પ્રભાત નું બાળક શાળામાં પ્રવેશ કરે છે. આ ચોક્કસ પ્રભાત માટે હરખ ની બાબત છે તો આ બાળક શાળામાં ટકી શકે એ નવા પડકાર સાથે પ્રભાત ટીમ શાળા અને બાળક બંને સાથે કાર્ય કરવા તૈયાર હોય છે. આ મહિનામાં ત્રણ બાળકોનું પ્રવેશ કરાવવામાં આવ્યું છે.

## હિમાયત (એડવોકસી )

**સરકાર સાથે નવું એક સાહસ** : પ્રભાત હંમેશા પોતની સફરમાં વિવધ હિતધારકો સાથે કાર્ય કરવાનો અભિગમ ધરાવે છે. જેથી બહોળા સ્તરે સમાવેશી સમુદાયની વિચારધારાનો ફેલાવો થાય. આ કોમ્પોસાઈટ રીઝનલ સેન્ટર સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યું. અહી વોકેશનલ, તાલીમ, સમુદાય આધારિત પુન:વસન, આઉટરીચ અને એઇડ્સ અને અપ્લ્યાન્સ ના વિતરણ સંદર્ભે સંયુક્ત કાર્યક્રમો કરવામાં આવશે. જે પ્રભાત ના કાર્યને વધારે મજબુત બનાવવામાં ચોક્કસ મહત્વની ભૂમિકા ભજવશે.




**આંગણવાડી કાર્યકર સાથે બેઠક** : હાટકેશ્વર નવું સેન્ટર હોવાથી સતત સ્થાનિક સ્તરે આંગણવાડી કાર્યકર સાથે સંપર્ક, સર્વે અને બેઠક કરવામાં આવી રહી છે. જેથી બાળકોની ઓળખ થાય અને કાર્યકર સાથે પ્રભાત નો સંબંધ વિકસિત થાય. જેથી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો ને આંગણવાડી માં પ્રવેશ મેળવી તેનો તે ભાગ બની શકે. આ માટે ભાઈપુરા વોર્ડ માં આવેલ આંગણવાડી કાર્યકરો સાથે બેઠક કરી, પ્રભાત વિષે માહિતી આપવામાં આવી હતી. અને તેઓ પ્રાથમિક સ્તરે બાળકની ઓળખ કરી શકે તે માટે માહિતી પૂરી પાડવામાં આવી હતી.

## મારી વાત



**બડી ઈન્ટરેકશન :** પ્રભાત 'બડી ઈન્ટરેકશન' દ્વારા બાળકની નિર્દોષતા અને સહજ ભાવને વિકસિત કરીને સમાનતાના મૂલ્યનું સિંચન કરે છે. ' બાળક' તરીકેની ઓળખ સિવાય કોઈ જ અન્ય લેબલ લગાવેલા નથી હોતા. આ અભિગમ સાથે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમાં દરેક શીખે છે , અને કંઇક મેળવે છે. આ પ્રક્રિયામાં રીવર સાઈડના 6 ગ્રેડના બાળકો હમેશની જેમ હાટકેશ્વરમાં બનેલા પ્રભાતના નવા સેન્ટરની મુલાકાત લીધી. અને તેમની સાથે વિવિધ રમતો, ક્રાફ્ટની પ્રવૃતિઓ કરી હતી. દરેક બાળક મન મુકીને ખીલ્યું હતું. અને ખુબ આનંદ સાથે દરેકને નવા મિત્રો માટેનો હરખ થયો હતો.

## ઘરોબો



**એપીલેપ્સી કેમ્પ :** પ્રથમ તબક્કાના જનરલ કેમ્પ બાદ, કે.ડી.ફાઉન્ડેશનના માધ્યમથી બીજા સ્તરનું કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અને જેમાં એપીલેપ્સી ધરાવતા બાળકોના નિદાન અને સારવાર માટે નિષ્ણાંત ડોકટર આવ્યા હતા. તેમના દ્વારા ઊંડાણપૂર્વક વાલી સાથે પરામર્શ કરવામાં આવ્યું હતું અને બાળકની સંપૂર્ણ સ્થિતિનો ચિતાર લેવામાં આવ્યો હતો. એપીલેપ્સીના એક એટેકને લીધે બાળકની સંપૂર્ણ જિંદગી બદલાઈ જવાની ઘટનાઓ સામે આવી હતી. તો ક્યારે બાળકને એનો એટેક આવી જશે તેવા વાલીઓ પણ હતા કે જેઓ રાત્રે નિરાંતે ઊંઘી નથી શકતા. આ કેમ્પ બાદ જરૂરી મેડીસીનની કીટ બાળકોને આપવામાં આવશે. અને વિડીયોગ્રાફી કરીને બાળકની સ્થિતિને ચકાસ્યા બાદ, આગળ પ્રક્રિયા કરવામાં આવશે.

## સહાયક સેવાઓ

આ મહીને રેલ્વે પાસ – 2 (ઓનલાઈન), સ્ટેટ ટ્રાન્સપોટેશન પાસ –03 (ઓનલાઈન) પેન્શન યોજના - 01 ના ફોર્મ ભરવામાં આવ્યા હતા. અને સી.આર.સી. સાથે સંકલન કરીને ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધો માટે 10 લાભાર્થીને કાનના મશીન, કમરપટ્ટા અને ઘૂંટણના પટ્ટા આપવામાં આવેલ હતા.

## રિસોર્સ કોર્નર : જાણીએ, શીખીએ અને પોતાને ' અપડેટ' કરતા રહીએ

વ્યક્તિગત સ્તરે પોતાને આ ક્ષેત્રમાં વધારે અપડેટ થતા રહેવું, નવીન શીખવા માટેની પ્રણાલી પ્રભાતને વધારે મજબુત બનાવે છે. અને આ કુશળતા ધરાવતા વ્યક્તિઓ પણ ચોક્કસ એક પ્રકારના રિસોર્સ જ છે. જે પ્રભાતને એના કાર્ય માં વધારે અસરકારક બનાવે છે. પ્રણવ ભાઈ અને પ્રમિલા સીલાકારી દ્વારા થઇ રહેલ એ દિશાના પ્રયાસોની વાત કરીએ તો,

પ્રણવભાઈ શાહની – ઇન્સ્ટીટયુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી, રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ – અમદાવાદ માં સોશિયોલોજી માં બૌદ્ધિક અપંગતાના સામાજિક નિર્ધારકો અને આરોગ્ય- ના વિષય પર પી.એચ.ડી માટે પ્રવેશની પસંદગી થઇ છે

પ્રમિલા સિલાકરીએ તાજેતરમાં **નિર્મલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન**, ગોવા અને **આદિરા સેન્ટર ફોર ડિસેબિલિટી મેનેજમેન્ટ**, મુંબઈ દ્વારા લર્નિંગ ડિસેબિલિટી કોર્સ પૂર્ણ કર્યો છે. કોર્સમાં NEP 2020 ની અનુરૂપ યુનિવર્સલ ડિઝાઇન ફોર લર્નિંગ (UDL) ના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં સમાવેશી અને સુલભ શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. .આ વિષય પર તેમના અનુભવો અને શિક્ષણ પ્રભાત અને અને આ ક્ષેત્ર માટે ખુલ્લા રહેશે. આ માટે ઇચ્છિત વ્યક્તિ, સંસ્થા પ્રભાતનો સંપર્ક કરી શકે છે.

**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION